| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮/૧૧/૨૦૧૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૮/૧૧/૨૦૧૩ |
| ફેંસલ તારીખ | ૨૭/૦૨/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૯ ૦૩ ૦૯ |

**મહે. એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ.**

| |
|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૯૬૯૩/૨૦૧૩** |
| **આંકઃ –** |

**ફરીયાદી:– શ્રી સરકાર**

**–– વિરૂદ્ધ ––**

**આરોપી:– (૧) મહંમદ ઈલિયાસ હુશેન ગુલામ હુશેન શેખ,**

**(૨) શરીફાબાનુ વા/ઓફ ગુલામ હુશેન શેખ,**

**(૩) નસીમબાનુ ડો/ઓફ ગુલામ હુશેન શેખ,**

તમામ રહે.જી/૧, જોહરા એપાર્ટમેન્ટ, ભુદર મિસ્ત્રીનો ખાંચો, મુલ્લા હારૂનની પોળ સામે, કાલુપુર, અમદાવાદ.

**ગુન્હોઃ– આઇ. પી. સી. કલમ – ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ – ૩, ૭ મુજબ.**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એસ.ઈન્દ્રેકર |

## **ચુ કા દો**

(૧) આ કામે ફરીયાદપક્ષનાં કેસની હકીકત એવી છે કે, આ કામે તા.૦૯–૧૦–૨૦૧૩ નાં રોજ ફરીયાદીએ કાલુપુર પોલીસ સ્ટેશન આવી રૂબરૂ ફરીયાદ આપી જાહેર કરેલ કે,ફરીયાદી હાલમાં પિયર રહે છે અને ઘરકામ કરે છે.

ફરીયાદીનાં લગ્ન આશરે બે વર્ષ પહેલા આ કામનાં આરોપી નં.૧.ઈલીયાસ હુસેનની સાથે થયેલ હતા,ફરીયાદીને સંતાનમાં એક દિકરી નામે આલીયાબાનુ ઉ.વ.૧૦ મહિનાની છે અને ફરીયાદી અગાઉ આરોપી નં.૧. તથા સાસુ આરોપી નં.ર. શરીફાબાનુ તથા નણંદ આરોપી નં.૩. નસીમબાનુ સાથે રહેતા હતા. જેઓએ ફરીયાદીને લગ્ન બાદ ત્રણ માસ બાદ ઘરનાં કામ કાજ બાબતે મેણા ટોણા મારતા હોય અને આરોપી નં.ર તથા ૩. ઘરનાં કામકાજ બાબતે અવાર-નવાર ઝઘડો તકરાર કરતા હોય, ફરીયાદીએ આરોપી નં.૧.ને આ બાબતે ફરીયાદ કરતા આરોપી નં.૧., આરોપી નં.ર,૩.નો પક્ષ લઈ અવાર-નવાર ફરીયાદી સાથે મારઝુડ કરતા હોય, ફરીયાદીએ આજ થી છએક માસ પહેલા આરોપીઓ વિરૂધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી કરેલ. બાદ આરોપી નં.૧. અને ફરીયાદીને અંદરો અંદર સમાધાન થઈ ગયેલ અને તા.૦૯-૧૦-ર૦૧૩ થી ચાર મહિના પહેલા આરોપી નં.૧. જે ઘરે સ્ટીમ પ્રેસનું કામ કરતા હોય અને તેઓને કમાવવા સારૂ સાઉદી અરેબીયા જવુ હોય, જેઓએ ફરીયાદીને માર-મારી ફરીયાદી સાથે ઝઘડો તકરાર કરી અને કહેલ કે," તારા પિયર જતી રહે અને પચાસ હજાર રૂપિયા લઈને આવ તો જ અહીયા આવજે નહીતર તારા પિયરથી આવતી નહી." તેમ કહી ફરીયાદીને કાઢી મુકતા ફરીયાદી તેની દિકરી આલીયાબાનુને સાથે લઈ પોતાના પિયર ગોમતીપુર ખાતે જતા રહેલ. ત્યારબાદ ફરીયાદી તથા તેમની માતા હાજરાબીબી બંને ફરીયાદીની દિકરી આલિયાનાં જન્મનાં દાખલાની જરૂર હોય ફરીયાદીની સાસરી કાલુપુર ખાતે તા.૦૯-૧૦-ર૦૧૩ નાં સવારનાં અગિયારેક વાગે જન્મનો દાખલો લેવા ગયેલ અને તે વખતે આરોપીઓ હાજર હોય, આરોપી નં.ર. તથા નં.૩.નાએ ફરીયાદીને કહેલ કે," પચાસ હજાર રૂપિયા લાવી છે કે નહી" બાદ ફરીયાદીએ દિકરીનાં જન્મનો દાખલો માંગતા આરોપી નં.ર, ૩. ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મેણા ટોણા મારવા લાગેલ અને ફરીયાદી સાથે ઝઘડો તકરાર કરવા લાગેલ અને તે દરમ્યાન આરોપી નં.૧. નાએ ફરીયાદીને ગડદા પાટુનો માર મારતા ફરીયાદીની માતાએ વચ્ચે પડી ફરીયાદીને છોડાવેલ બાદ ફરીયાદી ગભરાઈ જતા માતા સાથે પિયર જતી રહેલ. તેમ કરી આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આઈ.પી.સી.કલમ-૪૯૮(ક), ૩ર૩, ૧૧૪ તથા દહેજ

પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબનો ગુના કરેલ છે, જે અંગે પ્રથમ બાતમી અહેવાલ દાખલ કરી, પોલીસે ગુનાની તપાસ કરેલ અને તપાસ દરમિયાન પુરતો પુરાવો મળી આવતા હાલનાં આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૧૭૩ મુજબનો આખરી રિપોર્ટ/ ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ, જે અન્વયે કોર્ટ દ્વારા સદરહુ ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓ વિરૂધ્ધ તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૨ થી ગુનાનું તહોમત ફરમાવી આંક–૦૩ થી આંક–૦૫ લગત પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૨) આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી શમસાદબાનુ રીયાઝહુસેન શેખની સોગંદ પર જુબાની | ૧૦ |
| ૨. | અસલ ફરીયાદ | ૧૧` |
| ૩. | ત.ક.અ. ચેતનકુમાર દલસુખભાઈ પટેલની સોગંદ પર જુબાની | ૧૩ |

ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા અન્ય હકીકત અંગે ઈન્કાર કરેલ છે,ફરીયાદી દ્વારા તેઓ સામે ખોટી ફરીયાદ કરવામાં આવેલ હોવાનુ અને પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે તેમજ પોતાને બચાવપક્ષનાં સાક્ષી તપાસવા નથી, જાતે જુબાની આપવી નથી તથા કોઈ પુરાવો આપવો નથી તેમ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે તથા આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલીલ કરી એવુ જણાવેલ છે કે, આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૫) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર સાબીત કરે છે કે, આ કામનાં આરોપીઓએ ફરીયાદી સાથે નાની–મોટી બાબતોમાં મેણા–ટોણા મારી શારીરીક–માનસિક ત્રાસ આપી આરોપી નં.૧.ને કામ કરવા સારૂ સાઉદી અરેબીયા ખાતે જવાનુ હોય, જેથી ફરીયાદી પાસે પચાસ હજાર રૂપિયા દહેજ પેટે માંગી પિયરમાં મુકી આવી તથા તા.૦૯–૧૦–૨૦૧૩ નાં કલાકઃ૧૧–૦૦ વાગે ફરીયાદીની દિકરીનો જન્મનો દાખલો લેવા જતા તેની સાથે ઝઘડો કરી ગડદા પાટુનો માર મારી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આઇ. પી. સી. કલમ– ૪૯૮(ક),૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

**// કારણો //**

(૭) **મુદ્દા નં.૧**

(૭.૧) આ કામનાં ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ફરીયાદી સાથે નાની–મોટી બાબતોમાં મેણા–ટોણા મારી

શારીરીક–માનસિક ત્રાસ આપી આરોપી નં.૧.ને કામ કરવા સારૂ સાઉદી અરેબીયા ખાતે જવાનુ હોય, જેથી ફરીયાદી પાસે પચાસ હજાર રૂપિયા દહેજ પેટે માંગી પિયરમાં મુકી આવી તથા તા.૦૯–૧૦–૨૦૧૩ નાં કલાકઃ૧૧–૦૦ વાગે ફરીયાદીની દિકરીનો જન્મનો દાખલો લેવા જતા તેની સાથે ઝઘડો કરી ગડદા પાટુનો માર મારી, ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આઇ. પી. સી. કલમ– ૪૯૮(ક),૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે અને તે અંગે મુળ ફરીયાદીએ ફરીયાદ કરેલ. કલમ-૪૯૮(ક) ની જોગવાઈ નીચે મુજબ છે.

498A. Husband or relative of husband of a woman subjecting her to cruelty.--

Whoever, being the husband or the relative of the husband of a woman, subjects such woman to cruelty shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be liable to fine.

Explanation.-For the purposes of this section, "cruelty" means-

(a) any wilful conduct which is of such a nature as is
likely to drive the woman to commit suicide or to cause grave injury or danger to life, limb or health (whether mental or physical) of the woman; or

(b) harassment of the woman where such harassment is with a view to coercing her or any person related to her to meet any unlawful demand for any property or valuable security or is on account of failure by her or any person related to her to meet such demand.]

**(૭.૨)** ઉપરોક્ત હકીકતે આ કામનાં મુળ ફરીયાદીએ આ કામનાં આરોપી વિરૂધ્ધ કાલુપુર પો.સ્ટે.માં ફરીયાદ કરતા હાલનો કેસ ચાર્જશીટનાં આધારે દાખલ થયેલ છે. ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા આ કામે મહત્વનાં સાક્ષી મુળ ફરીયાદી શમસાદબાનુ રીયાઝહુસેન શેખનાએ આંક-૧૦ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે,તેણીનાં લગ્ન ૨૦૧૨ ની સાલમાં ઇલ્યાસ હુસેન ગુલામ

હુસેન શેખ સાથે સમાજનાં રીત રીવાજ મુજબ થયેલા. લગ્ન બાદ તેણી તેના પતિ, સાસુ તથા નણંદ સાથે સંયુક્ત કુટુંબમાં રહેવા માટે ગયેલ. તેણીનાં પતિનાં સહવાસથી તેણીને એક દિકરી નામે આલીયાબાનુનો જન્મ થયેલો. તેણી તેની દેખરેખમાં રોકાયેલી ત્યારે તેણીનાં સાસુ-સસરા, નણંદ ઘરકામ બાબતે બોલાચાલી કરતા હતા અને તેણીનાં પતિને તેણીની સાથે મનમેળ ન હોવાથી તેણી તેના પિતાનાં ઘરે ચાલી ગયેલ. આરોપીઓ વિરૂધ્ધ કાલુપુર પો.સ્ટે.માં ફરીયાદ લખાવેલી, તેણીને અસલ ફરીયાદ બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવી આંક-૧૧ થી પુરાવામાં રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આરોપીઓએ તેણીને કઇ બોલી, કઇ કહેલ હોય કે કરેલ હોય તેવુ બનેલ નથી.

આ કામનાં મુળ ફરીયાદી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરાવી ઉલટતપાસનાં પુછવાના સવાલો પુછતા ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો મળી આવેલ નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, તેઓને આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલ હોય, તેઓને કેસ આગળ ચલાવવો નથી. એ વાત પણ ખરી હોવાનુ જણાવે છે કે, હાલમાં તેણી આરોપીઓ સાથે રહે છે. આમ, આ કામનાં ભોગ બનનાર મુળ ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાની જોઇએ તો આંક-૧૧ વાળી ફરીયાદ પુરવાર થતી નથી કારણ કે હાલની જુબાની જોતા આ કામનાં આરોપીઓએ ફરીયાદીને નાની-નાની વાતોમાં ઘરકામ કરવા બાબતે મારઝુડ કરી શારીરીક-માનસિક ત્રાસ આપેલ હોય કે રૂપિયા પચાસ હજારની દહેજ તરીકે માંગણી કરેલ હોય તેવા કોઇ તત્વો તેમની જુબાનીમાંથી જણાઇ આવતા નથી.

**(૭.૩)** ફરીયાદપક્ષે ત.ક.અ. ચેતનકુમાર દલસુખભાઇ પટેલ આંક-૧૩ થી સોગંદ પર જુબાની આપેલ છે, તેઓએ એવુ જણાવેલ છે કે,તા.૦૯-૧૦-૨૦૧૩ નાં રોજ તેઓ કાલુપુર પો.સ્ટે.માં પો.સ.ઇ. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે કાલુપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૪૨/૧૩, ઇ.પી.કો.કલમ-૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ-૩, ૭ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય તેની તપાસ પી.એસ.ઓ.એ તેઓને સોંપેલી, જે તપાસનો હુકમ

તેઓને બતાવતા તેમા પી.એસ.ઓ.ની સહી ઓળખી બતાવેલ છે. તેઓને તપાસ સોંપેલી ત્યારે ફરીયાદી શમસાદબાનુ શેખે તેમના રૂબરૂ લખાવેલ ફરીયાદ તપાસમાં સોંપેલી, તેઓએ તેમની તપાસમાં તા.૧૦–૧૦–૨૦૧૩ નાં રોજ હાજરાબીબી, જમશેદ આલમ, મોહસીન હુસેન શેખ, અસ્ફાકહુસેન, મો.ઈલિયાસનાઓના તેમના લખાવ્યા મુજબનાં નિવેદનો લખી લીધેલ. આરોપીઓ સામે પુરતો પુરાવો હોઈ ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭ મુજબનું ચાર્જશીટ કરેલુ. આરોપી તરફે ઉલટતપાસમાં જનરલ ડિનાઈલ લેવામાં આવેલ છે.

આમ, આ સાહેદની જુબાની જોઈએ તો તેઓ બનાવનાં નજરે જોનાર સાહેદ નથી તેમજ તપાસ દરમ્યાન જે સાહેદોનાં નિવેદનનાં આધારે ચાર્જશીટ કરેલ છે તેઓ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની જુબાનીમાં માત્ર એટલુ પુરવાર થાય છે કે સદર ગુન્હાની ફરીયાદ તપાસમાં મળેલી અને અને તેમણે તપાસ કરેલ હતી, પરંતુ તેનાથી તે ફરીયાદમાં લખેલ હકીકત ખરી હોવાનુ પુરવાર થતુ નથી.

**(૭.૪)** આ કામે બનાવનાં ભોગ બનનાર ફરીયાદી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી અને આ કામે રજુ થયેલ ફરીયાદ પુરવાર થતી નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો આરોપી સામેનાં તહોમતની વિગતે તેમા દર્શાવેલ સમય અને સ્થળે આ કામનાં આરોપીઓએ ફરીયાદી સાથે નાની–મોટી બાબતોમાં મેણા–ટોણા મારેલ હોય કે શારીરીક–માનસિક ત્રાસ આપેલ હોય કે આરોપી નં.૧.ને કામ કરવા સારૂ સાઉદી અરેબીયા ખાતે જવાનુ હોય, જેથી ફરીયાદી પાસે પચાસ હજાર રૂપિયા દહેજ પેટે માંગી પિયરમાં મુકી આવી, ગડદા પાટુનો માર મારી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. તે તમામ હકીકતો ધ્યાનમાં રાખી તથા આ કામે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨**

(૮) ઉપરોક્ત મુદ્દા નં.૧ નો નિર્ણય, કેસ હકીકતને, કાયદાકીય જોગવાઈ, રજુઆતો ધ્યાને લઈ આ કામે ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**આખરીહુકમ**

**૧.** આ કામનાં આરોપી **(૧)મહંમદ ઈલિયાસ હુશેન ગુલામ હુશેન શેખ(૨) શરીફાબાનુ વા/ઓફ ગુલામ હુશેન શેખ(૩)નસીમબાનુ ડો/ઓફ ગુલામ હુશેન શેખ**નાઓને આઇ.પી.સી. કલમ – ૪૯૮(ક),૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબનાં ગુન્હાનાં તહોમતમાંથી સી.આર.પી.સી.કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીના જામીન ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૩૭(એ) ના હેતુ માટે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૭/૦૨/૨૦૨૩

**(સંદિપસિંહ જી.ડોડિયા)**
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ.
યુનિક આઇ.ડી. જી.જે.૦૦૯૦૨